**શું તમારી પાસે કોઇ ગુજરાતી પુસ્તકો છે?**

મોટાભાગના અમારા ગુજરાતી પુસ્તકો આસ્ટન-અંડર-લાઇનમાં ટેમસાઇડ લાઇબ્રેરીમાં અને થોડો સંગ્રહ સ્ટેલીબ્રીજ અને ડકીનફીલ્ડ લાઇબ્રેરીમાં છે. સંગ્રહમાં સમાવેશ થાય છે:

- રહસ્યમય, રોમાંન્સ, ટુંકી વાર્તાઓ, રોમાંચક અને વૈજ્ઞાનિક શોધ વિશેના પુસ્તકો.
- તંદુરસ્તી અને સુંદરતા, ઇતિહાસ, ધર્મ, કાવ્ય, રાંધણકળા અને જીવનચરિત્રના પુસ્તકો.
- ગુજરાતી અને અંગ્રેજીમાં હીન્દુ વિષે પુસ્તકો.
- ગુજરાતી/અંગ્રેજી શબ્દકોષ અને પુસ્તકો તથા ટેપ્સ.
- ગુજરાતી ડ્રાઇવીંગ થીયરીના અને હાઇવે કોડ પ્રેક્ટીસને લગતા પુસ્તકો.

**શું તમારી પાસે કોઇ સમાચારપત્ર કે સામાયિકો છે?**

હા, કદાચ આમાના કોઇમાં તમે રસ ધરાવતા હોવ:

- **ચિત્રલેખા** (ગુજરાતી) - સેન્ટ્રલ લાઇબ્રેરી
- **ગરવી ગુજરાત** (ગુજરાતી) - સેન્ટ્રલ અને સ્ટેલીબ્રીજ
- **ગુજરાત સમાચાર** (ગુજરાતી) - સેન્ટ્રલ અને સ્ટેલીબ્રીજ
- **સ્ત્રી** (ગુજરાતી) - સેન્ટ્રલ લાઇબ્રેરી
- **સ્ટારડસ્ટ** (અંગ્રેજી) - સેન્ટ્રલ અને હાઇડ લાઇબ્રેરી
- **એસીઆના** (અંગ્રેજી) - હાઇડ લાઇબ્રેરી
- **એસીઅન** બ્રાઇડ (અંગ્રેજી) - હાઇડ લાઇબ્રેરી
- **એસીઅન વુમન** (અંગ્રેજી) - હાઇડ લાઇબ્રેરી

અમારી પાસે અંગ્રેજીમાં દૈનીક સમાચારપત્રો અને જુદી જુદી જાતના સામાયિકો પણ છે.

**હું કેવી રીતે જોડાઇ શકું?**

લાઇબ્રેરીમાં જોડાવવું મફત છે. લાઇબ્રેરીમાં જોડાવવા માટેનુ ફોર્મ ભરો અને તમારા સહી અને સરનામાની સાબિતી સાથે લાવો. બાળકો પણ જોડાઇ શકે છે, તેઓના ફોર્મ પર તેમના માબાપ અથવા સંભાળકર્તાએ સહી કરવી પડશે. બધા સભ્યોને લાઇબ્રેરી કાર્ડ આપવામાં આવશે.

**મારાથી શું ઉછીનું લાવી શકાય?**

એકવાર તમે જોડાઇ જાવ પછી, તમારુ લાઇબ્રેરી કાર્ડ ટેમસાઇડની કોઇપણ લાઇબ્રેરીમાં તમે વાપરી શકો છો. તમે બાર પુસ્તકો ત્રણ અઠવાડીયા સુધી ઉછીના લઇ શકો છો અને ટેમસાઇડની કોઇપણ લાઇબ્રેરીમાં પાછા આપી શકો છો.

**શું મારાથી ત્રણ અઠવાડીઆથી વધારે પુસ્તકો રાખી શકાય?**

તમારા પુસ્તકોને લાઇબ્રેરીમાં પુસ્તકોમાં મારેલ સિક્કાની તારીખે અથવા તે પહેલા પાછા લાવવા પડશે. જો તમારે તેમને ત્રણ અઠવાડીઆ વધારે રાખવા હોય તો તમે રીન્યુ કરાવી શકો પરંતુ જો બીજા કોઇએ તેની ભલામણ ન કરી હોય તો. તમે તમારા પુસ્તકોને ફોન પર, ઇન્ટરનેટ અથવા જાતે આવીને રીન્યુ કરાવી શકો છો. જો તમે તમારી પુસ્તકો પાછી આપવાની તારીખ પછી લઇને આવશો તો તમારે દંડ ભરવો પડશે, દરરોજ તેમાં વધારો થતો રહેશે જ્યાં સુધી તમે તેને લાઇબ્રેરીમાં પરત કરશો નહી. જો તમે ૧૮ વર્ષથી નીચેની ઉંમરના હો તો તમારે દંડ ભરવો પડશે નહીં.

**મારાથી કમ્પ્યુટરનો ઉપયોગ કરી શકાશે?**

બધી ટેમસાઇડ લાઇબ્રેરીઓમાં કમ્પ્યુટરો છે જેનો મફત ઉપયોગ કરી શકાય. આસ્ટનની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં ગુજરાતી સોફ્ટવેર છે. લાઇબ્રેરીના સભ્યોથી ઇન્ટરનેટનો ઉપયોગ એક કલાક સુધી કરી શકાશે, ત્યારપછી દર અડધા કલાકનો દર 50p રહેશે. ૯ વર્ષથી નાની વયના છોકરાઓ પાસે કોઇ પુખ્ત વયનાએ રહેવુ પડશે જો તેઓને ઇન્ટરનેટનો ઉપયોગ કરવો હોય તો.

**તમે જાણો છો....**લાઇબ્રેરી પાસે પુસ્તકો અને કમ્પ્યુટર સિવાય બીજુ પણ ઘણું છે:

- લાઇબ્રેરીનો સ્ટાફ કાઉન્સિલ સર્વિસ વિષે પ્રશ્નોના જવાબ આપી શકશે, પેમેન્ટ્સ લઇ શકશે અને માહિતી આપી શકશે.
- લાઇબ્રેરી કમ્પ્યુટર ક્લાસ ચલાવે છે.
- સેન્ટ્રલ, ડેન્ટન, ડ્રોઇસ્ડન, હર્સ્ટ અને હાઇડ લાઇબ્રેરી પાસે સીટીઝનશીપ પ્રેક્ટીસ ટેસ્ટની CD -Rom છે.
- લાઇબ્રેરીનો સ્ટાફ બસ પાસ આપી શકશે, જો તેના માટે તમે હકદાર હોવ તો.
- ફેક્સની સગવડ (મોકલવા અને મેળવવાની).
- ફોટોકોપીની સગવડ.
- ભણવાની જગ્યા અને હોમવર્કમાં મદદ.
- વાર્તાનો સમય અને આર્ટસ તથા ક્રાફ્ટસની પ્રવૃત્તિઓ આખા વર્ષ દરમિયાન.

### તમારા ખુલવાનો સમય શું છે?

**ટેમસાઇડ સેન્ટ્રલ લાઇબ્રેરી**

ઓલ્ડ સ્ટ્રીટ આશ્ટન-અંડર-લાઇન OL6 7SG

ટેલી: 0161 342 2029 / 2030 ફેક્સ. 0161 330 4762

| | |
|---|---|
| સોમવાર | સવારે ૯ - સાંજના ૮ સુધી |
| મંગળવાર | સવારે ૯ - સાંજના ૮ સુધી |
| બુધવાર | સવારે ૯ - સાંજના ૫ સુધી |
| ગુરુવાર | સવારે ૯ - સાંજના ૮ સુધી |
| શુક્રવાર | સવારે ૯ - સાંજના ૫ સુધી |
| શનિવાર | સવારે ૯ - સાંજના ૪ સુધી |

**સ્ટેલીબ્રીજ લાઇબ્રેરી**

ટ્રીનીટી સ્ટ્રીટ, સ્ટેલીબ્રીજ SK15 2BN

ટેલી. 0161 338 2708 ફેક્સ. 0161 303 8289

| | |
|---|---|
| સોમવાર | સવારે ૯ - સાંજના ૮ સુધી |
| મંગળવાર | સવારે ૯ - સાંજના ૮ સુધી |
| બુધવાર | સવારે ૯ - સાંજના ૮ સુધી |
| ગુરુવાર | બંધ રહેશે |
| શુક્રવાર | સવારે ૯ - સાંજના ૫ સુધી |
| શનિવાર | સવારે ૯ - સાંજના ૪ સુધી |

**ડકીનફીલ્ડ લાઇબ્રેરી**

કોન્કોર્ડ વે, ડકીનફીલ્ડ SK16 4DB

ટેલી. 0161 330 3257 ફેક્સ. 0161 330 3426

| | |
|---|---|
| સોમવાર | સવારે ૯ - સાંજના ૭.૩૦ સુધી |
| મંગળવાર | સવારે ૯ - સાંજના ૭.૩૦ સુધી |
| બુધવાર | બંધ રહેશે |
| ગુરુવાર | સવારે ૯ - સાંજના ૭.૩૦ સુધી |
| શુક્રવાર | સવારે ૯ - સાંજના ૫ સુધી |
| શનિવાર | સવારે ૯ - બપોરે ૧ સુધી |

# તમારી લાઈબ્રેરી પાસે ઘણું છે

## ગુજરાતી બોલનાર ગ્રાહકો માટે ટેમસાઇડ લાઇબ્રેરી વિષે માહિતી




Tameside
Metropolitan Borough
"An excellent council"